# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્ય સરકાર આગામી સમયમાં PM-JAY યોજના અંતર્ગત હૉસ્પિટલો માટે નવી SOP જાહેર કરશે.
2. રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો
3. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ‘ખેડૂતોના શિયાળુ પાકના વાવેતર માટે પૂરતા પ્રમાણમાં સિંચાઈનું પાણી પૂરું પડાશે.’
4. મોરબીના સિરામિક ઉદ્યોગના વેપારીઓના ફસાયેલા નાણા પરત અપાવવા આગામી સમયમાં વિશેષ અભિયાન હાથ ધરાશે
5. બનાસકાંઠા જિલ્લાનું મસાલી ગામ દેશનું પ્રથમ સરહદી સૌલાર ગામ બન્યું

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## NEW SOP FOR HOSPITALS CABINET

રાજ્ય સરકાર આગામી સમયમાં PM-JAY યોજના અંતર્ગત હૉસ્પિટલો માટે નવી S.O.P એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા જાહેર કરશે. આ અંગે આજે ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુ  માહિતી આપી હતી.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, SOP)**

--------------

## CM - PALITANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણનું ધ્યાન રાખી સેવા સાથે જૈન સમાજ વિકસિત ભારત 2047ના સંકલ્પમાં સહભાગી બને તેવી અપીલ કરી હતી. ભાવનગરના પાલિતાણામાં આદિ વીર છ'રી પાલિત સંઘ કાર્યક્રમ ધર્મસભામાં સંબોધતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, ભગવાન મહાવીરે વર્ષો પહેલા પર્યાવરણની જાળવણીની વાત કરી હતી. તેમણે પાણીને ઘી-ની જેમ ઉપયોગ કરવાની સલાહ આપી હતી. તે જ રીતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "કેચ ધ રેઈન" સંકલ્પ આપીને વરસાદના ટીપે-ટીપાં પાણીને જમીનમાં કેવી રીતે સંગ્રહ થાય તે અંગેનો ખ્યાલ આપ્યો છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ આચાર્ય ભગવંતશ્રી વિજયરત્નચંદ્ર સૂરિશ્વરજી મહારાજ સાહેબ તથા આચાર્ય ભગવંતશ્રી ઉદયરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબનું ગુરુપૂજન કર્યું હતું.

--------------

## INDUSTRIAL ESTATE POLICY

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો છે. ગુજરાત ઔદ્યોગિક નીતિ 2020 અંતર્ગત હવે ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ત્રણ શ્રેણીમાં GIDCને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે.

આ નિર્ણયથી સરકારી પડતર જમીન ફાળવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે, સમયનો વ્યય અટકશે અને તમામ GIDC વચ્ચે જમીન ફાળવણી અને તેના વિકાસની સમાનતામાં પણ વધારો થશે તેમ શ્રી પટેલે ઉમેર્યું હતું. ગાંધીનગરમાં માધ્યમોને સંબોધતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી હતી.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી, રાજ્ય સરકાર)

---------------------------------------------------------------------------

## SHIYALU PAK SINCHAI PANI

રાજ્યના ખેડૂતો નિશ્ચિંત થઈને શિયાળુ પાકનું વાવેતર કરી શકે તે માટે રાજ્ય સરકાર પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટેનું પાણી પૂરું પાડશે. ગાંધીનગરમાં યોજાયેલા મંત્રીમંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે માધ્યમોને માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, આ વર્ષ દરમિયાન થયેલા વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યના 207 જળાશયોમાં 88 ટકા એટલે કે, સાત લાખ 85 હજાર MCFTથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ચાર ટકા વધુ છે.

--------------

## REV. HARSH SAGHAVI MORBI POLICE SIT

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, મોરબી સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓના ફસાયેલા નાણા પરત અપાવવા આગામી સમયમાં એક મહિનાનું વિશેષ અભિયાન હાથ ધરાશે. દરમિયાન વધારાના દળ સાથે ટુકડીઓને વિવિધ રાજ્યમાં તપાસ માટે મોકલવામાં આવશે.

ગાંધીનગરમાં “મોરબી જિલ્લા પોલીસ SIT: એક દૂરંદેશી પહેલ” શીર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે મોરબીમાં એક વર્ષ પહેલા વેપારીઓની રજૂઆતો અને ફરિયાદો બાદ SIT એટલે કે, વિશેષ તપાસ ટુકડીની રચના કરવામાં આવી હતી. વિવિધ રાજ્યના 408 એકમો વિરુદ્ધ 103 અરજીઓ મળતા SITએ વેપારીઓના ફસાયેલા 19 કરોડથી વધુ રૂપિયા તેમને પરત અપાવ્યા હતા. વધુમાં શ્રી સંઘવીએ આ મુજબ જણાવ્યું ...

(બાઇટ- હર્ષ સંઘવી, ગૃહરાજ્યમંત્રી)

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## BK - FIRST BORDER SOLAR VILLAGE

બનાસકાંઠા જિલ્લાનું મસાલી ગામ દેશનું પ્રથમ સરહદી સૉલાર ગામ બન્યું છે. 800 લોકોની વસતિ ધરાવતું અને પાકિસ્તાન સરહદથી 40 કિલોમીટરના અંતરે આવેલા આ ગામના કુલ 119 ઘર પર સૉલાર રૂફટૉપ લગાવવામાં આવ્યા છે. આ તમામ ઘરોમાં 225 કિલોવૉટથી વધુની વીજળી મળી રહી છે.

બોર્ડર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સરહદી વાવ તાલુકાના 11 અને સુઈગામ તાલુકાના છ મળી કુલ 17 ગામને સંપૂર્ણ સૌલાર ગામ બનાવવા પણ તંત્ર દ્વારા પહેલ કરવામાં આવી છે. આ અંગે જિલ્લા કલેક્ટર મિહિર પટેલે વધુ માહિતી આપી હતી.

**(બાઈટઃ મિહિર પટેલ, કલેક્ટર)**

--------------

## BHUJ GOVERNOR - PADVIDAN

ભુજ ખાતે કચ્છ વિશ્વ વિદ્યાલયનો 14 મો પદવીદાન સમારોહ યોજાઇ ગયો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે 37 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક આપી સન્માનિત કર્યા હતા. જ્યારે 5 હજાર 530 વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઇ હતી.

આ પ્રસંગે રાજ્યપાલે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા કર્તવ્ય પરાયણતાને મહત્વ આપવા વિદ્યાર્થીઓને સલાહ આપી હતી. ઉપરાંત આજે પર્યાવરણ રક્ષણ, જળ વ્યવસ્થાપન, ભારતીય સંસ્કૃતિને અપનાવી વિશ્વમાં તેનો સંદેશ પાઠવવા, નશામુક્ત જીવન અપનાવવા તથા લોકોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા સંકલ્પબધ્ધ થવા પણ શ્રી દેવવ્રતે અપીલ કરી હતી.

--------------

## PATAN - NALANDA VIDHYALAY

પાટણમાં જિલ્લાકક્ષાની કૌશલ્યોત્સવ સ્પર્ધા રાધનપુરની નાલંદા વિદ્યાલય ખાતે યોજાઈ ગઈ, જેમાં વિવિધ 60 જેટલી શાળાઓમાંથી વૉકેશનલ એજ્યુકેશન અંતર્ગત ચાલતા કૃષિ, આરોગ્ય, બૅન્કિંગ, ઑટો-મૉબાઈલ સહિતના 56 પ્રૉજેક્ટનું વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યું હતું.

આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ કૃતિઓને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ઉપરાંત વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ એનાયત કરાયા હતા.

--------------

## SURAT – 108 NATIONAL AWARD

સુરત જિલ્લાની વેસુ 108 એમ્બુલન્સ ટીમને શ્રેષ્ઠ જીવનરક્ષક સેવાનો રાષ્ટ્રીય સ્તરે પુરસ્કાર પ્રાપ્ત થયો છે. સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, વેસુ વિસ્તારની 108 ટીમને હૈદરાબાદ ખાતે યોજાયલા સમારોહમાં આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત 14 જૂને વેસુ 108માં ફરજ બજાવતાં 2 કર્મચારીઓએ એક દર્દીનો જીવ બચાવ્યો હતો. તે ઈમરજન્સી કેસમાટે સુરતની વેસુ 108 ટીમને સ્થળ પર સેવા બદલ રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ પુરસ્કાર મળ્યો છે.

--------------

## AHMEDABAD METRO TRAIN

અમદાવાદમાં મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતા લોકો હવે ઑનલાઈન ટિકિટ બૂક કરાવી શકશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ગુજરાત મેટ્રો રૅલ કૉર્પોરેશન લિમિટેડ દ્વારા અમદાવાદ મેટ્રો ઑફિશિયલ નામની ઑનલાઈન મૉબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. આ એપ્લિકેશનમાં મુસાફરી માટેની માહિતીથી લઈ ટિકિટ બૂકિંગ સહિતની સુવિધા આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અત્યારે અમદાવાદ શહેરમાં થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ અને વાસણા APMCથી મૉટેરા સ્ટેડિયમ અને ગાંધીનગર સેક્ટર એક સુધી મેટ્રો ટ્રેન સેવા ચાલી રહી છે.

-----------------------------------

## VERA NIRIKSHAK EXAM

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ત્રણની પ્રાથમિક પરીક્ષા આપતા ઉમેદવારો માટે વધારાની બસની સુવિધા કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યના તમામ જિલ્લાઓમાં 754 પેટા કેન્દ્ર ખાતે આગામી 22 ડિસેમ્બરે રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા યોજાશે. તે દિવસે પરીક્ષાર્થીઓને અગ્રીમતા આપવા ST નિગમ દ્વારા તમામ ડેપોને વિશેષ સૂચના આપવામાં આવી છે.

-------------------------------------

# MAHISAGAR KHATAR UPYOG

મહીસાગર જિલ્લામાં ઠંડી સારી પડતા અને સિંચાઈ માટે પાણી મળી રહેતા રવિ પાકને સારો લાભ થશે. ખેડૂતોને પણ રાજ્ય સરકાર દ્વારા રાહત દરે મળતા નેંનો યુરિયા ખાતરનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે.

-------------